ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨

ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૭/૧૯–૨૦/ 3641

તારીખ : 13 SEP 2019

**આર.પી.એ.ડી.**

કેસ નં.૪૭/૧૯–૨૦

પ્રતિ,
**શ્રી ચૌહાણ ઈશ્વરભાઈ કાનજીભાઈ,**
ગામ–ચોકડી, તા.ચુડા,
જી.સુરેન્દ્રનગર.
**મો.નં. ૯૨૬૫૫ ૮૬૨૮૮.**

**વિષય : વધારે રકમનું આપેલ બીલ સુધારી જમા આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૨/૦૭/૨૦૧૯ અત્રેની કચેરીને મળ્યા તા.૨૫/૦૭/૨૦૧૯
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૭/૧૯–૨૦/૨૯૬૯ તા.૩૧/૦૭/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૭/૧૯–૨૦/૩૨૪૫ તા.૧૯/૦૮/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૩૦/૦૮/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ચુડા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

# (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

## કેઈસ નંબર – ૪૭/૧૯–૨૦

વાદી :– શ્રી ચૌહાણ ઈશ્વરભાઈ કાનજીભાઈ

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખ:– ૩૦.૦૮.૨૦૧૯**

હાજર રહયા :– શ્રી ચૌહાણ ઈશ્વરભાઈ કાનજીભાઈ – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એમ. આર. ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ચૌહાણ ઈશ્વરભાઈ કાનજીભાઈ, મુ.ચોકડી, તા.ચુડા, જી.સુરેન્દ્રનગરની વધારે રકમનું આપેલ બીલ સુધારી જમા આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૭/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૪૭/૧૯–૨૦/૨૯૬૯ તા.૩૧.૦૭.૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૩૦.૦૮.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદી શ્રી ચૌહાણ ઈશ્વરભાઈ કાનજીભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ. આર. ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો ચોકડી ગામે રહીએ છીએ અને અનાજ દળવાની ઘંટીનું થ્રી ફેઝ મીટર ધરાવીએ છીએ અને અમારા પરીવારનું ગુજરાત ચલાવીએ છીએ.

૧.૨ આપ સાહેબને વિનંતી કે અમારૂ મીટર ડીસ્પ્લે બંધ થઈ ગયા પછી તા.૨૩.૦૨.૧૭ ના રોજ બદલી આપેલ અને લેબોરેટરીમાં તા.૦૮.૧૧.૧૭ ના રોજ અમારા રૂબરૂ ખોલવામાં આવેલ છે. અમો રેગ્યુલર બીલ ભરીએ છીએ. ત્યારબાદ અમોને તા.૨૪.૧૦.૧૮ ના રોજ મીટર રીડર બીલ બનાવવા માટે આવેલ અને અમારૂ મીટર તપાસીને

..૨..

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

અમોને L બંધ બીલ આપેલ, તેનું કારણ પુછતા અમોને એવો જવાબ આપેલ કે અમારા મીટરનો નંબર બીલમાં ખોટો છે એટલે બંધ બીલ અમને ૨૪૦ યુનિટનું આપેલ છે.

૧.૩ અમોએ આગળનું બીલ ૧૬૩૦ યુનિટ સુધીનું ભરપાઈ કરેલ છે. ત્યારબાદ અમોને બંધ બીલ ૨૪૦ યુનિટનું આપવામાં આવેલ એટલે ૧૮૭૦ યુનિટ સુધીનું અમોએ રેગ્યુલર બીલ ભરેલ છે અને ત્યારબાદનું બીલ અમોએ અમારો મીટરનંબર બદલીને અમોને પાછલુ રીડીગ ૧૦૦ યુનિટ અને હાલનું ૨૪૦૭ એમ કરીને અમોને ૨૩૦૭ યુનિટનું બીલ ૧૬૦૫૪/– નું આપવામાં આવેલ છે. આગળની બાકી રકમ રૂ.૪૩૬૭.૨૩ પૈસા આપેલ છે. કુલ બીલ અમોને રૂ.૨૦૪૨૭/– નું આપેલ છે. જે બીલ લઈને અમો ઓફીસ ઉપર ગયેલ તો ચાવડા સાહેબે અમોને એવો જવાબ આપેલ કે આગળના બીલ તમોએ જુના મીટરના ભરેલ છે આ બીલ તમારા નવા મીટરનું આપેલ છે.

૧.૪ તો અમોએ એવી રજુઆત કરેલ કે અમારૂ જુનું મીટર તા.૨૩.૦૨.૨૦૧૭ ના રોજ બદલેલ છે અને તમોએ અમોને તા.૦૯.૦૩.૨૦૧૮ ના રોજ બીલ આપેલ છે. જેમાં અમોએ તા.૨૪.૧૦.૨૦૧૮ સુધીના રેગ્યુલર બીલ ભરેલ છે તે બીલ અમોને નવા મીટરના આપવામાં આવતાં હતાં અને ઓફીસ વાળાની ભુલ એ છે કે નવું મીટરની એન્ટ્રી પાડવામાં ભૂલ થઈ હતી અને છેક તા.૦૯.૦૩.૧૮ ના રોજ અમારા મીટરની એન્ટ્રી પાડેલ છે.

૧.૫ આપ સાહેબને વિનંતી કે અમોએ જે રેગ્યુલર બીલ ભરેલ છે તેની રકમ રૂ.૩૦,૬૯૬/– જેવી થાય છે અને કુલ યુનિટ ૨૨૯૪ સુધીના બીલ અમારી પાસેથી પીજીવીસીએલ તરફથી વસુલ કરવામાં આવેલ, તેની પહોંચુ પણ અમારી પાસે મોજુદ છે. અમારૂ મીટર બદલી આપેલ ત્યારથી જો બીલ રૂ.૨૦,૪૨૭/– જેવું થતું હોય તો અમારી ડીસ્પ્લે બંધ થયા પછી અમારી પાસેથી ૩૦,૬૯૬/– જેવું બીલ વસુલ કરવામાં આવેલ, તો અમારા બીલની રકમ વધુ વસુલ કરેલ છે.

૧.૬ પીજીવીસીએલ અમોને આજની તારીખમાં અમોને રૂ.૧૦,૪૪૦/– નું બાકી બીલ આપવામાં આવેલ છે. અમારૂ રેગ્યુલર બીલ ૨,૯૯૧/– નું બીલ બાકી છે. જે બીલ ઓફીસ ઉપર જતા લેવાની ના પાડેલ છે. બીલ અમારૂ રેગ્યુલર લેતા નથી અને આજદિન સુધીનું તમારૂ બાકી બીલ કુલ ભરી આપો તેમ જણાવેલ છે નહીતર તમારૂ કનેકશન રદ કરવામાં આવશે એવી ધમકીઓ આપે છે.

૧.૭ અમો અવાર નવાર ઓફીસ ઉપર હિસાબ કરવા જઈએ છીએ પણ અમારૂ કોઈ સાંભળતુ નથી. અવાર નવાર કનેકશન બંધ કરી દેશુ એવા ફોન આવે છે. ઘરે આવીને અમોને ધમકીઓ આપે છે. ૯૯૨૫૨ ૧૪૬૨૫ ઉપરથી ફોન આવે છે. બીજો નંબર ૯૯૭૮૯૧૫૨૪૪ ત્રીજો નંબર ૬૩૫૯૬૩૮૫૯૮ આવા જુદા જુદા નંબર ઉપરથી ફોન આવે છે અને અમોને હેરાન પરેશાન કરેલ છે.

૧.૮ તો આપ સાહેબને નમ્ર વિનંતી કે યોગ્ય તપાસ કરીને અમોને યોગ્ય રેગ્યુલર બીલ આપવા મહેરબાની કરશોજી. અમોએ અગાઉ તા.૦૨.૦૬.૨૦૧૯ ના રોજ અરજી આપેલ છે કે અમારૂ કનેકશન બંધ કરવું નહી અથવા કરાવવું નહી અમો કાયમી ધોરણે ચાલુ રાખવા માગીએ છીએ અને અમોને જે કાંઈ પીજીવીસીએલને કહેવાનું થતું હોય તે લેખિતમાં જવાબ આપવો. આપ સાહેબને નમ્ર વિનંતી કે આ અરજી ગંભીરતાથી લઈ યોગ્ય જવાબ લેખિતમાં આપવા મહેરબાની કરશોજી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ ચુડા પેટા વિભાગીય કચેરીના તાબા હેઠળ આવતા ગામ–ચોકડીના રહીશ શ્રી ઈશ્વરભાઈ કાનજીભાઈ ગ્રાહક નં.૭૪૦૭૨/૦૦૪૩૩/૨ થી થ્રી ફેઈઝ કનેકશન ધરાવે છે. તેઓ દવારા તેમના વીજ કનેકશનમાં પીજીવીસીએલ ચુડા પેટા વિભાગીય કચેરી તરફથી ખોટા બીલ આપવામાં આવેલ છે અને તે બીલ સુધારી રકમ તેમના બીલમાં જમા કરવા માટે અરજી કરેલ છે.

૨.૨ તેઓની ઉપરોકત રજુઆતના અનુસંધાને જણાવવાનું કે, પીજીવીસીએલ – ચુડા પેટા વિભાગીય કચેરી દવારા તેઓના ઉપરોકત વીજ ગ્રાહક નંબરમાં કનેકશન આપ્યાની તારીખથી આજદિન સુધીમાં કુલ ૦૨ વખત મીટર બદલાવેલ છે. સદર બદલાવેલ મીટરમાં રેકોર્ડ થયેલ વપરાશના યુનિટ અને તેઓને આપવામાં આવેલ વીજબીલની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

૨.૩ તેઓ તા.૦૭.૦૨.૧૯૯૮ થી ઉપરોકત વીજ કનેકશન ધરાવે છે. પીજીવીસીએલ – ચુડા પેટા વિભાગીય કચેરી દવારા તા.૨૩.૦૨.૨૦૧૭ ના રોજ તેઓના વીજ ગ્રાહક નં.૭૪૦૭૨/૦૦૪૩૩/૨ માં રહેલ વીજમીટર નં.૦૬૭૬૭૬૪ ડીસ્પલે બંધ હોવાના કારણે બદલવામાં આવેલ તથા તેની જગ્યાએ નવું મીટર નં.૭૯૫૨૭૦ લગાડેલ અને તેની સામે પ્રફોર્મા નં.૫૦૪૯૫ ભરવામાં આવેલ અને તેઓ દવારા સદર પ્રફોર્મામાં સહી કરવામાં આવેલ.

૨.૪ પીજીવીસીએલ દવારા ઉપરોકત મીટર નંબર ૦૬૭૬૭૬૪ લેબમાં ખોલતાં લેબ દવારા સદર મીટરની ડીસ્પ્લે બંધ હોવાથી સદર વીજમીટરના ફાઈનલ રીડીગ તરીકે તેઓને માસ નવે–ડીસે બીલ્ડ ઈન જાન્યુ–૧૯ ના બીલમાં આવેલ રીડીગ ૩૫૨૪૬ ને ફાઈનલ રીડીગ તરીકે ગણીને સદર મીટર ચેન્જની સીસ્ટમમાં એન્ટ્રી કરેલ. આમ તેઓને આપવામાં આવેલ જાન્યુ–ફેબ્રુ ૧૭ બીલ્ડ ઈન માર્ચ ૧૭ સુધીનું બીલ કંપનીના નિયમ મુજબનું છે.

૨.૫ ચુડા પેટા વિભાગીય કચેરી દવારા તેઓના વીજ સ્થાપન પર નવું મીટર નંબર PG795270 તા.૨૩.૦૨.૨૦૧૭ ના રોજ ૦ KWH થી લગાડેલ તથા માસ માર્ચ–એપ્રિલ–૧૭ બીલ્ડ ઈન મે–૧૭ માં સદર મીટર માટે ૭૭૪ યુનિટ નું બીલ આપવામાં આવેલ. ત્યારબાદ માસ મે–જુન બીલ્ડ ઈન જુલાઈ ૧૭ તથા જુલાઈ–ઓગસ્ટ બીલ્ડ ઈન સપ્ટે ૧૯ ના રીડીગ દરમ્યાન સદર મીટર ફોલ્ટી માલુમ પડતાં સદર બે માસ માટે ફોલ્ટીના વીજબીલ પ્રમાણે સરેરાશ બીલ ૫૧૦ યુનિટ મુજબના બે બીલ આપવામાં આવેલ તેમજ ચુડા પેટા વિભાગીય કચેરી દવારા તા.૧૮.૧૦.૨૦૧૭ ના રોજ તેઓનું મીટર નં.૭૯૫૨૭૦ ફોલ્ટી હોય તેના સ્થાને નવું મીટર નંબર PG ૮૦૬૩૩૧૦ KWH થી લગાડવામાં આવેલ અને તેનો પ્રફોર્મા નંબર ૫૬૨૫૧ થી તેમની હાજરીમાં ભરવામાં આવેલ તથા તેઓ દવારા તેમાં સહી કરવામાં આવેલ.

૨.૬ તેઓના સ્થળેથી ઉતારેલ મીટર નં.૭૯૫૨૭૦ લેબમાં ચકાસણી અર્થે મોકલતા સદર મીટરને પાવર સપ્લાય આપીને જોતા સદર મીટરના ડીસ્પ્લે પર કોઈ રીડીગ દર્શાવેલ નહી. જેથી સદર મીટરના બેટરી નોબ પર ચકાસતાં રીડીગ ૧૧૩૯ KWH દર્શાવેલ. આમ, લેબ દવારા મીટર ચકાસણી અહેવાલ નંબર ૧૬૧ દવારા તેઓના સ્થળેથી ઉતારેલ મીટર નં.૭૯૫૨૭૦ માં ફાઈનલ રેકોર્ડ થયેલ યુનિટ ૧૧૩૯ KWH જણાવેલ.



Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

મીટર નં. ૭૯૫૨૭૦ ની બિલીંગની વિગતઃ—

| MONTH | BILLED IN | CURR READING | PAST READING | CONSUMPTION UNIT | METER NO | METER STATUS | REMARKS |
|---|---|---|---|---|---|---|---|
| MAR,APR,17 | BIL MAY,17 | 774 | 0 | **774** | **795270** | | |
| MAY,JUN,17 | BIL JUL,17 | 774 | 774 | **510** | **795270** | **F** | |
| JUL,AUG,17 | BIL SEP,17 | 794 | 774 | **510** | **795270** | **F** | |
| SEP,OCT,17 | BIL NOV,17 | 794 | 794 | 510 | 795270 | L | |
| TOTAL : | | | | **1794** | (774+510+510) | | |

૨.૭ ઉપરોક્ત વિગતો જોતાં આપને માલુમ પડેલ કે તેઓના મીટર નં.૭૯૫૨૭૦ માટે તેઓની પાસેથી કુલ વસુલ કરેલ યુનિટ ૨૩૦૪ હતા. જેની સામે માસ સપ્ટે—ઓકટો બીલ્ડ ઈન નવે—૧૭ નું બીલ લોકનું બનેલ હોય, તેના પ્રોવિઝન બીલની રકમ નવે—ડીસે બીલ્ડ ઈન જાન્યુઅ૧૯ ના બીલમાં તેની રકમ રૂા.૩૫૧૯.૬૬ પ્રોવીઝન બીલ તરીકે જમા આપેલ છે. આમ મીટર નં.૭૯૫૨૭૦ માટે કુલ ચાર્જ કરેલ યુનિટ ૧૭૯૪ થાય છે.

| METER NO | CHARGED UNITS | TO BE CHARGEDUNITS | CR TO BE GIVEN (UNITS) | REMARKS |
|---|---|---|---|---|
| 795270 | 1794 | 1139 (લેબ રીપોર્ટ મુજબ ના રીડીંગ ) | 655 | સદરક૫૫ યુનિટ સામે આપને આપનેમાસ ઓગસ્ટ ૨૦૧૯ માં આપના ગ્રાહક નંબર માં કુલ રકમ રૂ. ૪૨૯૪.૧૮જમા આપવામાં આવેલ છે. |

મીટર નં. PG૮૦૬૩૩૧ ની બિલીંગની વિગતઃ—

| MONTH | BILLED IN | CURR READING | PAST READING | CONSUMPTION UNIT | METER NO | METER STATUS |
|---|---|---|---|---|---|---|
| NOV,DEC,17 | BIL JAN,18 | 794 | 794 | 0 | 795270 | ACTUAL M,ETER NOPG 806331 |
| JAN,FEB,18 | BIL MAR,18 | 924 | 794 | 130 | 795270 | ACTUAL M,ETER NO PG 806331 |
| MAR,APR,18 | BIL MAY,18 | 1214 | 924 | 290 | 795270 | ACTUAL M,ETER NO PG 806331 |
| MAY,JUN,18 | BIL JUL,18 | 1485 | 1214 | 271 | 795270 | ACTUAL M,ETER NO PG 806331 |
| JUL,AUG,18 | BIL SEP,18 | 1630 | 1485 | 145 | 795270 | ACTUAL M,ETER NO PG 806331 |
| SEP,OCT,18 | BIL NOV,18 | 100 | 0 | 100 | 806331 | METER CHANGE ENTRY TAKEN IN SYSTEM |
| NOV,DEC,18 | BIL JAN,19 | 2407 | 100 | 2307 | 806331 | |
| JAN,FEB,19 | BIL MAR,19 | 2609 | 2407 | 202 | 806331 | |
| MAR,APR,19 | BIL MAY,19 | 2671 | 2609 | 62 | 806331 | |
| MAY,JUN,19 | BIL JUL,19 | 2820 | 2671 | 149 | 806331 | |
| TOTAL : | | | | 4450 | | |

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar

૨.૮ ઉપરોક્ત પત્રકથી જણાવવાનું કે માસ જાન્યુ–ફેબ્રુ બીલ્ડ ઈન માર્ચ ૧૮ ના વીજબીલ બનાવતી વખતે સ્થળ પર ખરેખર મીટર ૮૦૬૩૩૧ હતું જયારે સીસ્ટમમાં મીટર ચેન્જની એન્ટ્રી બાકી હોય બીલમાં મીટર નં.૭૯૫૨૭૦ છતાયેલ હતો. આથી મીટર રીડર દવારા માસ જાન્યુ–ફેબ્રુ બીલ્ડ ઈન માર્ચ ૧૮ ના વીજબીલમાં ખરેખર ૯૨૪ યુનિટનું વીજબીલ આપવું જોઈતું હતું તેની જગ્યાએ ૧૩૦ યુનિટનું વીજબીલ આપવામાં આવેલ. જેથી ચુડા પે.વિ.કચેરીના ઓડીટ દરમ્યાન સદર બાબત ધ્યાને આવતાં વાદીનાં વીજબીલમાં ચાર્જ કરવાના બાકી રહી ગયેલ ૭૯૪ (૯૨૪–૧૩૦) યુનિટના ડેબીટ એડજસ્ટમેન્ટ રૂા.૫૨૯૨.૮૦ વીજબીલમાં ઉધારેલ છે.

૨.૯ આમ ઉપરોક્ત બિલીંગની વિગતો તપાસતા મીટર નં.૮૦૬૩૩૧ માં નોંધાયેલ અને ગ્રાહક પાસેથી વસુલ કરવામાં આવેલ યુનિટની વિગતો તથા તેની સામે જમા આપવામાં આવેલ રકમની વિગત નીચે મુજબ છે.

| METER NO | CHARGED UNITS | TO BE CHARGEDUNITS | CR TO BE GIVEN (UNITS) | REMARKS |
|---|---|---|---|---|
| 806331 | 4450 NOV-DEC 17 BILLED IN JAN-18 TO MAY-JUNE BILLED IN JUL-19 | 2820 (SEP-OCT 18 TO MAY-JUN 19) + AUDIT RECOVERY OF 794 UNITS. | 1630 | સદર ૧૬૩૦ યુનિટ સામે આપને આપના માસજાન્યુ -ફેબ્રુ. બીલ્ડ ઈન માર્ચ ૧૯ ના વીજ બીલ રૂ. ૧૧૨૦૬.૨૫ જમા આપવામાં આવેલ છે. |

સદર ગ્રાહક નંબરનું માસ લેઝર તપાસતાં મે–જુન બીલ્ડ ઈન જુલાઈ ૧૯ મુજબ તેમના વીજ કનેકશનના બીલ પેટે કુલ ભરવાની બાકી નીકળતી રકમ રૂા.૧૦૪૫૩.૫૫ છે. જેની સામે અત્રેની કચેરી દવારા વાદીનાં વીજબીલમાં વાદીની રજુઆતના અનુસંધાને ઉપરોક્ત પત્રકમાં જણાવ્યા મુજબ મીટર નં.૭૯૫૨૭૦ ની જમા આપવાની થતી ૬૫૫ યુનિટની રકમ રૂા.૪૨૯૪.૧૮ વાદીને માસ ઓગસ્ટમાં જમા આપતા ભરપાઈ કરવાની થતી રકમ રૂા.૬૧૫૯.૩૭ થાય છે. જે કંપનીના નિયમ મુજબની હોય ભરવાપાત્ર છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર ચૌહાણ ઈશ્વરભાઈ કાનજીભાઈ મુ.ચોકડી, તા.ચુડા માં ૬ હો.પા.નું ઔદ્યોગિક વીજજોડાણ ગ્રાહક નં.૭૪૦૭૨/૦૦૪૩૩/૨ થી ધરાવે છે.

૩.૨ ગ્રાહકનાં વીજ સ્થાપન પરનું મીટર નં.૦૬૭૬૭૬૪ માં ડીસ્પ્લે ના આવવાથી પ્રતિવાદી દવારા તા.૨૩.૦૨.૧૭ ના રોજ બદલાવી નવું મીટર નં.૭૯૫૨૭૦ મુકવામાં આવેલ.

જુના મીટર નં.૦૬૭૬૭૬૪ બદલાવ્યા બાદ લેબ પરીક્ષણમાં તેના રીડીગ ૩૫૨૪૬ વાંચવા મળેલ અને તે રીડીગ મુજબ વાદીને બીલ આપવામાં આવેલ.

૩.૩ મીટર નં.૭૯૫૨૭૦ તા.૨૩.૦૨.૧૭ ના રોજ લગાવ્યા બાદ પ્રતિવાદી દવારા વાદીને આપવામાં આવેલ બીલની હીસ્ટ્રી નીચે મુજબ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

| ક્રમ નં. | માસ | રીડીંગ – શરૂ અને છેલ્લા | વપરાશ | રીમાર્ક |
|---|---|---|---|---|
| ૧ | માર્ચ–એપ્રિલ બીલ્ડ ઈન મે–૧૭ | ૦૦૦<br>૭૭૪ | ૭૭૪ | |
| ૨ | મે–જુન બીલ્ડ ઈન જુલાઈ–૧૭ | ૭૭૪<br>૭૭૪ | ૫૧૦ AV. | ફોલ્ટી મીટર |
| ૩ | જુલાઈ–ઓગસ્ટ બીલ્ડ ઈન સપ્ટે.–૧૭ | ૭૭૪<br>૭૯૪ | ૫૧૦ AV. | ફોલ્ટી મીટર |
| ૪ | સપ્ટે–ઓક્ટો બીલ્ડ ઈન નવે–૧૭ | લોક<br>લોક | ૫૧૦ | પ્રોવીઝનલ બીલ |

આમ, વાદીને માર્ચ–એપ્રિલ બીલ્ડ ઈન મે–૧૭ થી જુલાઈ–ઓગ. બીલ્ડ ઈન સપ્ટે–૧૭ સુધી કુલ ૧૭૯૪ યુનિટના બીલ પ્રતિવાદી દવારા આપવામાં આવેલ જયારે ૫૧૦ યુનિટ પ્રોવીઝનલ બીલ સીસ્ટમમાં જમા આપેલ.

3.૪ મીટર નં.૭૯૫૨૭૦ તા.૧૮.૧૦.૧૭ ના રોજ બદલાવી તા.૦૮.૧૧.૧૭ ના રોજ મીટર ટેસ્ટીગ લેબોરેટરીમાં ઈન્સ્પેકશન કરતાં તેમાં મીટરનું રીડીગ વાંચન ૧૧૩૯ યુનિટ જોવા મળેલ. આથી પ્રતિવાદી એ પારા નં.૩.૩ માં બતાવેલ ૧૭૯૪ યુનિટ ની વપરાશમાંથી ૧૧૩૯ ખરેખર વપરાશ ને ધ્યાનમાં રાખી ૬૫૫ યુનિટની ક્રેડીટ વાદીને નવે.–ડીસે. બીલ્ડ ઈન જાન્યુ.–૧૮ માં આપવામાં આવેલ.

3.૫ તા.૧૮.૧૦.૧૭ ના રોજ વાદીનું ફોલ્ટી મીટર ૭૯૫૨૭૦ બદલાવી પ્રતિવાદીએ વાદીનાં વીજ સ્થાપન પર મીટર નં.૮૦૬૩૩૧ મુકેલ. આથી તા.૧૮.૧૦.૧૭ પછી ખરેખર પ્રતિવાદીએ તેના રેકર્ડમાં મીટરને ચેન્જ બતાવી અને વાદીનાં દ્વિમાસિક બીલીંગ કરવાની જરૂર હતી, તેની બદલે પ્રતિવાદીએ વીજ સ્થાપન પરનાં રીડીગ અને વપરાશ મીટર નં.૭૯૫૨૭૦ (ફોલ્ટી મીટર) બીલમાં બતાવી વીજબીલ બનાવવામાં આવતું હતું, જેના બીલંગની હીસ્ટ્રી નીચેના ટેબલમાં દર્શાવેલ છે.

| MONTH | BILLED IN | CURR READING | PAST READING | CONSUMPTION UNIT | METER NO | METER STATUS |
|---|---|---|---|---|---|---|
| NOV,DEC,17 | BIL JAN,18 | 794 | 794 | 0 | 795270 | ACTUAL M,ETER NOPG 806331 |
| JAN,FEB,18 | BIL MAR,18 | 924 | 794 | 130 | 795270 | ACTUAL M,ETER NO PG 806331 |
| MAR,APR,18 | BIL MAY,18 | 1214 | 924 | 290 | 795270 | ACTUAL M,ETER NO PG 806331 |
| MAY,JUN,18 | BIL JUL,18 | 1485 | 1214 | 271 | 795270 | ACTUAL M,ETER NO PG 806331 |
| JUL,AUG,18 | BIL SEP,18 | 1630 | 1485 | 145 | 795270 | ACTUAL M,ETER NO PG 806331 |
| SEP,OCT,18 | BIL NOV,18 | 100 | 0 | 100 | 806331 | METER CHANGE ENTRY TAKEN IN SYSTEM |
| NOV,DEC,18 | BIL JAN,19 | 2407 | 100 | 2307 | 806331 | |
| JAN,FEB,19 | BIL MAR,19 | 2609 | 2407 | 202 | 806331 | |
| MAR,APR,19 | BIL MAY,19 | 2671 | 2609 | 62 | 806331 | |
| MAY,JUN,19 | BIL JUL,19 | 2820 | 2671 | 149 | 806331 | |
| TOTAL : | | | | 4450 | | |

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ઉપરનું ટેબલ મુજબ વાદીનાં વીજ સ્થાપન પરનાં મીટરની બીલીંગ હીસ્ટ્રી જોતાં પ્રતિવાદીએ નવે–ડીસે–૧૭ બીલ્ડ ઈન જાન્યુ–૧૮ થી જુલાઈ–ઓગસ્ટ–૧૮ બીલ્ડ ઈન સપ્ટે–૧૮ સુધીના સમયગાળા દરમ્યાન બતાવ્યા મુજબ વપરાશનાં બીલ વાદીને મીટર નં.૭૯૫૨૭૦ તરીકે આપવામાં આવેલ જયારે તે વીજ વપરાશ ખરેખર મીટર નં.૮૦૬૩૩૧ નાં હતાં.

પ્રતિવાદીને તેની ભૂલ ધ્યાનમાં આવતાં તેણે નવે–ડીસે–૧૭ બીલ્ડ ઈન જાન્યુ–૧૮ માં જે ખરેખર ૭૯૪ યુનિટ થતું હતું તે યુનિટની અને તેની રકમની ડેબીટનું બીલ રૂા.૫૨૯૨.૮૦ વાદીનાં ખાતામાં સુધારવામાં આવેલ, જે પ્રતિવાદીએ તેમજ વાદીએ આજરોજ રજુ કરેલ બીલનાં અને PRT ના રેકર્ડ મુજબ સ્પષ્ટ થાય છે.

૩.૬ ત્યારબાદ પ્રતિવાદીએ સપ્ટે–ઓકટો–૧૮ બીલ્ડ ઈન નવે.–૧૮ ના બીલમાં વીજ સ્થાપન પરનાં મીટર નં.૮૦૬૩૩૧ ની ચેન્જ એન્ટ્રી તેના રેકર્ડમાં લીધેલ અને પ્રતિવાદીએ નવે.–૧૮ નાં બીલથી મીટર નં.૮૦૬૩૩૧ માં શરૂઆતનાં રીડીંગ '૦' ગણી અને જાન્યુ–૧૯ ના બીલમાં ૨૩૦૭ યુનિટનું બીલ વાદીને આપેલ.

૩.૭ આમ, ઉપર મુજબ જોતાં પ્રતિવાદીએ જાન્યુ–૧૮ ના બીલનાં ૭૯૪ યુનિટની ડેબીટ એટલે કે રૂા.૫૨૯૨.૮૦ ની રકમ વાદીનાં ખાતામાં ઉધારેલ તેમજ પ્રતિવાદીએ ફરીથી નવે.–૧૮ માં મીટરનાં રીડીગ શરૂઆતમાં '૦' બતાવી અને ૨૩૦૭ + ૧૦૦ યુનિટનું બીલ બનાવી ૭૯૪ યુનિટની ડેબીટ ફરીથી આડકતરી રીતે વાદીનાં ખાતામાં ઉધારેલ છે, જે વાદીએ રજુ કરેલ બીલ તેમજ પ્રતિવાદીએ રજુ કરેલ PRT પરથી સ્પષ્ટ થાય છે.

૩.૮ પ્રતિવાદીએ પારા નં.૩.૭ માં જણાવ્યા મુજબ ૭૯૪ યુનિટનું બીલીંગ અને તેની રકમ વાદીનાં ખાતામાં બે વખત ઉધારેલ હોય, વાદીને ૭૯૪ યુનિટ અને તેનાથી થતી રકમ તેના ખાતામાં જમા આપવાપાત્ર છે.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે" તારણ નં.૩.૮ મુજબ પ્રતિવાદીએ વાદીને ૭૯૪ યુનિટ અને તેની રકમ તેના ખાતામાં જમા આપવી."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| **(બી. જે. દવે)**<br>**સ્વતંત્ર સભ્યશ્રી** | (પી. એન. આજકીયા)<br>ટેકનીકલ સભ્યશ્રી | **(એમ. આર.વજરીયા)**<br>**અધ્યક્ષશ્રી,**<br>**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**<br>**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– ૩૦.૦૮.૨૦૧૯